શેરનો ભાવ એક વર્ષે પછી Rs. 53 અંદાજવામા આવે છે. જો અંદાજિત વળતર દર 10% હોય તો શેરનુ વર્તમાન મૂલ્ય શું હોવુ જોઈએ? શું શેર ખરીદવો જોઈએ? જો શેર અત્યારે ખરીદીને એક વર્ષે પછી વેચવામાં આવે તો તેના ઉપર શુ વળતર મળે તેની ગણતરી કરો.

2) એક કંપનીની અત્યારની શેર દીઠ આવક રૂ.5 છે જેના 60% આવક કંપની અનામત રાખે છે. રોકાણની તકો વળતરના સંદેભે 15% છે. વળતરનો આવશ્યક દર 13% હોય તો શેર માટે કયો ભાવ ચૂકવવો જોઈએ? મૂલ્ય વિકાસની તકો શું છે? શેરનાં વળતરનો અપેક્ષિત દર શું છે જો તેની વર્તમાન બજાર કિંમત રૂ. 60 છે?

3) ડાયમન્ડ લિ. હાલમાં ડિવિડન્ડ રૂ. 3.30 શેર દીઠ ચૂકવે છે. ડિવિડન્ડમાં ત્રણ વર્ષ માટે 12% ની વૃદ્ધિ થવાની ધારણા છે,પછીના ત્રણ વર્ષ માટે 9% ની વૃદ્ધિ અને તે પછી 6% ના દરે વૃદ્ધિ જળવાય રહેવાની ધારણા છે. મૂડીકરણ દર 10% હોય તો શેરનુ વર્તમાન મૂલ્ય શું રહેશે?

Q4[a] વૃદ્ધિના રોકાણ અને મૂલ્યના રોકાણ અંગે ચર્ચા કરો. [08]

Q4[b] શેર "પી" અને માર્કેટ પોર્ટફોલિયો "એમ" માટે વળતરનું વિતરણ નીચે આપેલ છે: - [09]

| સંભાવના | વળતર | |
|---|---|---|
| | P | M |
| 0.30 | 30 | -10 |
| 0.40 | 20 | 20 |
| 0.30 | 0 | 30 |

**ગણતરી કરો**: [1] અપેક્ષિત વળતર અને જોખમ, [b] બજાર પોર્ટફોલિયો અને જામીનગીરી "પી" વચ્ચેનો સહવિચરણ, [c] શેર "પી" અને માર્કેટ પોર્ટફોલિયો "એમ" વચ્ચે સહસંબંધાંક, [d] જામીનગીરી "પી" નો બીટા, [e] જોખમ મુક્ત દર 8% હોય તો, સીએપીએમનો ઉપયોગ કરીને શેર "પી" પર અપેક્ષિત વળતર.

અથવા

Q4[a] "બજારની કાર્યક્ષમતાને ત્રણ સ્તરમાં વર્ગીકૃત કરી શકાય છે." સ્પષ્ટ કરો. [09]

Q4[b] મારુતિ લિ. દ્વારા નીચેની હકીકતો આપવામાં આવી છે: [08]

| | |
|---|---|
| જોખમ મુક્ત દર 9% | આગામી વર્ષ દરમિયાન અપેક્ષિત ડિવિડન્ડ રૂ. 3/- |
| માર્કેટ પોર્ટફોલિયો પર વળતરનો આવશ્યક દર 18% | વૃદ્ધિ દર 8% |
| બીટા 1.5 | |

મારુતિ લિ.ના શેર કયા ભાવે વેચાવા જોઈએ તેની ગણતરી કરો?

***

(4)